# બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે મુંબઇના વિક્રોલીમાં 350 ટનના કટરહેડને ઉતારાયો

**ટીબીએમ** મશીન વિક્રોલીથી આશરે 6 કિલોમીટરનો પ્રવાસ કરીને બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ ખાતે બુલેટ ટ્રેન સ્ટેશન સુધી પહોંચશે



મુંબઈ તા. 17 : મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ હેઠળ વિક્રોલીમાં ટનલ બોરિંગ મશીનના પ્રથમ કટરહેડને સફળતાપૂર્વક શાફ્ટમાં ઉતારવામાં આવ્યો. 13.6 મીટર વ્યાસ અને આશરે 350 ટન વજન ધરાવતો આ કટરહેડ TBMના મુખ્ય શીલ્ડની પ્રાથમિક એસેમ્બલીના અંતિમ તબક્કાનું પ્રતીક છે.

21 કિલોમીટર લાંબા મુંબઈ ટનલ વિભાગમાંથી 16 કિલોમીટર ભાગના નિર્માણ માટે બે TBM મશીનો એસેમ્બલ કરવામાં આવી રહ્યા છે.

તેમાં ઠાણે ક્રીક નીચે બનનાર 7 કિલોમીટર લાંબી ટનલનો પણ સમાવેશ થાય છે, જે ભારતની પ્રથમ સમુદ્રની નીચેની રેલ ટનલ હશે. દરેક TBM નું વજન 3,000 ટનથી વધુ છે અને રેલ ટનલ નિર્માણ માટે દેશમાં અત્યાર સુધી ઉપયોગમાં લેવાયેલા સૌથી મોટી મશીનો છે. આ TBM વિક્રોલીથી આશરે 6 કિલોમીટરનો પ્રવાસ કરીને ઘન શહેરી વિસ્તાર અને મીઠી નદીની નીચેથી પસાર થઈને બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ ખાતે નિર્માણાધીન મુંબઈ બુલેટ ટ્રેન સ્ટેશન સુધી પહોંચશે, જ્યાં તેને બહાર કાઢવામાં આવશે.

ટનલ ખોદકામની સુરક્ષા તથા આસપાસની સંરચનાઓની સતત દેખરેખ સુનિશ્ચિત કરવા માટે વિવિધ મોનિટરિંગ સાધનોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. તેમાં સરફેસ સેટલમેન્ટ પોઇન્ટ્સ (SSP), ઓપ્ટિકલ ડિસ્પ્લેસમેન્ટ સેન્સર્સ (ODS) અથવા ટિલ્ટ મીટર્સ, BRT (બાય રિફ્લેક્ટ ટાર્ગેટ/3D ટાર્ગેટ), ટનલની સપાટી પર સૂક્ષ્મ ખેંચાણ (micro strains) માપવા માટે સ્ટ્રેન ગેજ, તેમજ પીક પાર્ટિકલ વેલોસિટી (PPV) અથવા કંપન અને ભૂકંપીય તરંગોની દેખરેખ માટે સીસ્મોગ્રાફનો સમાવેશ થાય છે.

### કટર હેડ ઇજનેરીનું અદ્ભૂત ઉદાહરણ

» 13.6 મીટર વ્યાસ ધરાવતો આ કટરહેડ એટલી વિશાળ ટનલ ખોદવામાં સક્ષમ છે કે જેમાં હાઈ-સ્પીડ કોરિડોરની અપ અને ડાઉન બંને લાઈનો એક જ ટનલમાં રહેશે.

» તેનું 350 ટન વજન લગભગ 250 પેસેન્જર કારો (મિડ-સાઇઝ SUV) ના વજન જેટલું છે

» આ યુનિટને પાંચ અલગ-અલગ શિપમેન્ટમાં સાઇટ પર પહોંચાડવામાં આવી હતી, જેને 1,600 કિલોગ્રામ હાઈ-પ્રિસિઝન વેલ્ડિંગ દ્વારા જોડવામાં આવી

» આ યુનિટમાં 84 કટર ડિસ્ક, 124 સ્ક્રેપર અને 16 બકેટ લિપ લગાવવામાં આવ્યા છે, જે ખોદકામ અને મલબા દૂર કરવાની પ્રક્રિયાને અસરકારક બનાવે છે।

» કટર ડિસ્ક મુખ્ય ઉપકરણો છે, જે પથ્થરો કાપવાનું કાર્ય કરે છે. ત્યારબાદ કટરહેડ પર લાગેલા સ્ક્રેપર્સ મલબો દૂર કરીને સફાઈનું કાર્ય કરે છે.

# રશિયા પર યુક્રેનના મોટા ડ્રોન હુમલામાં 4નાં મોત

**આમાંથી** ત્રણનાં મોત તો રાજધાની મોસ્કો નજીકના વિસ્તારમાં થયા, મોસ્કો પર રાત્રિ દરમ્યાન થયેલા હુમલામાં ૧૨ને ઇજા, કેટલીક ઇમારતોને નુકસાન

**૮૧** ડ્રોન તોડી પાડવામાં આવ્યા, યુદ્ધ શરૂ થયું ત્યારથી યુક્રેનના સૌથી મોટા હુમલાઓમાંનો એક

**રશિયાએ** પણ ૨૮૭ ડ્રોન વડે હુમલો કર્યો, યુક્રેને ૨૭૯ તોડી પાડ્યા, ૮ને ઇજા



કિવ, તા. ૧૭(એપી): રશિયાના સ્થાનિક સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર, યુદ્ધની શરૂઆત પછી રશિયા સામે રાત્રિ દરમિયાન કરવામાં આવેલા સૌથી મોટા યુક્રેનિયન હુમલાઓમાંથી એકમાં મોસ્કો નજીક ત્રણ લોકો સહિત ઓછામાં ઓછા ચાર લોકોનાં મોત થયા છે.

સ્થાનિક ગવર્નર આન્દ્રે વોરોબ્યોવના જણાવ્યા અનુસાર, મોસ્કોની ઉત્તર-પશ્ચિમમાં આવેલા ખિમકી શહેરમાં એક ડ્રોન તેમના ઘર પર ત્રાટકતાં એક મહિલાનું મોત થયું હતું અને રાજધાનીથી ૧૦ કિમી ઉત્તરે આવેલા પોગોરેલ્કી ગામમાં બે પુરુષોનાં મોત થયા હતા. સોશિયલ મીડિયા અપડેટ્સમાં, વોરોબ્યોવે જણાવ્યું હતું કે યુક્રેનિયન ડ્રોન દ્વારા અમુક અસ્પષ્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને કેટલીક ઊંચી ઈમારતોને પણ નુકસાન પહોંચાડવામાં આવ્યું છે.

મોસ્કોના મેયર સેર્ગેઈ સોબ્યાનિને અહેવાલ આપ્યો છે કે, ખુદ મોસ્કોમાં રાત્રિ દરમિયાન થયેલા હુમલામાં ઓછામાં ઓછા ૧૨ લોકો ઘાયલ થયા છે, જેમાંના મોટાભાગના શહેરની ઓઈલ રિફાઈનરીના પ્રવેશદ્વાર નજીક ઘાયલ થયા હતા.

સોબ્યાનિને જણાવ્યું હતું કે રિફાઈનરીની "ટેક્નોલોજી" ને કોઈ નુકસાન થયું નથી. સરકારી એજન્સી ટાસ દ્વારા સોબ્યાનિને ટાંકીને અહેવાલ આપવામાં આવ્યો છે કે, રશિયન સંરક્ષણ તંત્રે રાત્રિ દરમિયાન મોસ્કો તરફ આવી રહેલા ૮૧ ડ્રોનને તોડી પાડ્યા હતા. ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૨ ના રોજ રશિયાએ યુક્રેન પર સંપૂર્ણ સ્તરે આક્રમણ શરૂ કર્યું ત્યારથી રશિયન રાજધાની પર થયેલા આ સૌથી મોટા હુમલાઓમાંથી એક છે. સ્થાનિક સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર, યુક્રેનની સરહદને અડીને આવેલા બેલ્ગોરોડ પ્રદેશમાં એક ડ્રોન ટ્રક સાથે અથડાતાં એક પુરુષનું પણ મોત થયું હતું. રશિયાએ કરેલા તાજેતરના હુમલાઓના જવાબમાં આ હુમલો કરવામાં આવયો હોવાનું માનવામાં આવે છે. યુક્રેનિયન પ્રમુખ ઝેલેન્સ્કીએ આ હુમલાને વાજબી ગણાવ્યો હતો.

યુક્રેનિયન વાયુસેનાએ અહેવાલ આપ્યો છે કે, રશિયાએ રવિવારે રાત્રિ દરમિયાન યુક્રેન પર ૨૮૭ ડ્રોન વડે હુમલો કર્યો હતો, જેમાંથી ૨૭૯ ડ્રોનને તોડી પાડવામાં આવ્યા હતા અથવા જામ કરવામાં આવ્યા હતા. યુક્રેનની સરકારી કટોકટી સેવાના જણાવ્યા અનુસાર, આ હુમલાઓમાં યુક્રેનના મધ્ય ડિનિપ્રોપેટ્રોવસ્ક પ્રદેશમાં ૮ લોકો ઘાયલ થયા છેઃ ત્રણ પ્રાદેશિક રાજધાની ડિનિપ્રોમાં, ચાર રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકીના વતન ક્રિવઈ રિહમાં અને એક સિનેલકોવ જિલ્લામાં ઘાયલ થયા છે.આ ત્રણેય સ્થળોએ રહેણાંક ઈમારતોને નુકસાન થયું હોવાનું સેવાએ જણાવ્યું હતું.

### મોસ્કોમાં ડ્રોન હુમલામાં ભારતીયનું મોત

મોસ્કો, તા. ૧૭ (પીટીઆઈ) મોસ્કો ક્ષેત્રમાં થયેલા એક ડ્રોન હુમલામાં એક ભારતીય કામદારનું મોત થયું છે અને અન્ય ત્રણ ઈજાગ્રસ્ત થયા છે. એમ ભારતીય દૂતાવાસે રવિવારે જણાવ્યું હતું. આ ઘટના રશિયા અને યુક્રેન વચ્ચે વધી રહેલી દુશ્મનાવટની વચ્ચે સામે આવી છે. યુક્રેને મોસ્કોમાં આવેલા પ્રતિષ્ઠાનોને નિશાન બનાવીને રાત્રિ દરમિયાન હુમલા કર્યા હતા. રશિયામાં સ્થિત ભારતીય દૂતાવાસે એક્સ પર જણાવ્યું કે, "આજે વહેલી સવારે મોસ્કો ક્ષેત્રમાં થયેલા ડ્રોન હુમલામાં એક ભારતીય કામદારે પોતાનો જીવ ગુમાવ્યો છે અને અન્ય ત્રણ ઈજાગ્રસ્ત થયા છે. દૂતાવાસના અધિકારીઓએ ઘટનાસ્થળની મુલાકાત લીધી છે અને હોસ્પિટલમાં ઈજાગ્રસ્ત કામદારોને મળ્યા છે." દૂતાવાસે ઉમેર્યું હતું કે, "દૂતાવાસ આ જાનહાનિ પર શોક વ્યક્ત કરે છે અને કામદારોને જરૂરી સહાય પૂરી પાડવા માટે કંપનીના મેનેજમેન્ટ અને સ્થાનિક સત્તાવાળાઓ સાથે મળીને કામ કરી રહ્યું છે." જોકે, દૂતાવાસે મૃતક કે ઈજાગ્રસ્ત વ્યક્તિઓની ઓળખ જાહેર કરી નથી

## પેજ3

### અદિતિ રાવ હૈદરીની કાન્સમાં નિયોન ગ્રીન વન-શોલ્ડર ગાઉનમાં બોલ્ડ એન્ટ્રી



કાન્સ, તા. 17 : ટોની વોર્ડ કુતૂરના સ્પ્રિંગ/સમર 2025 કલેક્શનમાંથી નિયોન મેટાલિક ગ્રીન ગાઉનમાં સજ્જ થઈને કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ 2026માં પહોંચેલી અદિતિ રાવ હૈદરીએ સૌનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું હતું. અભિનેત્રીએ બાદમાં ઇન્સ્ટાગ્રામ પર તેના આ લેટેસ્ટ લુકનો એક વીડિયો શેર કર્યો હતો, જ્યાં તેના લુકે સોશિયલ મીડિયા પર ફેન્સનું ધ્યાન ઝડપથી આકર્ષિત કર્યું હતું. આ વન-શોલ્ડર ગાઉનના ઉપરના ભાગમાં ઝીણવટભર્યું ડિઝાઇન વર્ક કરવામાં આવ્યું હતું, જે આ આઉટફિટને બોલ્ડ અને સ્ટાઇલિશ લુક આપતું હતું. તેની મેટાલિક ફિનિશે તેને રેડ કાર્પેટ પર અલગ ઓળખ આપી હતી, જ્યારે વહેતા ફેબ્રિકે સ્ટ્રક્ચર્ડ ડિઝાઇનને સંતુલિત કરી હતી.

### પાકિસ્તાની સ્ટાર સનમ સઈદનું 'વ્હાઇટ પીકોક' પ્રેરિત લુકમાં કાન્સમાં ડેબ્યુ



કાન્સ તા. ૧૭ : પાકિસ્તાની સ્ટાર સનમ સઈદ સત્તાવાર રીતે કસ્ટમ હુસૈન રેહારના આઉટફિટમાં કાન્સમાં ડેબ્યુ કર્યું છે. આ અભિનેત્રીએ રેડ કાર્પેટ પર વોક કરીને દિવંગત અભિનેત્રી શમીમ આરાને શ્રદ્ધાંજલિ આપી હતી, જેમને 'ધ ટ્રેજિક બ્યુટી' તરીકે પણ ઓળખવામાં આવતી હતી. હુસૈન રેહારનો આઉટફિટ પહેરીને સનમ સઈદે કાન્સના રેડ કાર્પેટ પર વોક કર્યું હતું. લેબલના સત્તાવાર ઇન્સ્ટાગ્રામ હેન્ડલ અનુસાર, ૫૦ કારીગરોને આ સફેદ મોરથી પ્રેરિત માસ્ટરપીસ તૈયાર કરવા માટે ૨,૩૫૪ કલાક લાગ્યા હતા. "કાન્સ માટે ડિઝાઇન કરાયેલ, આ આઉટફિટ મુકેશ, ઝરદોઝી અને ચમકતા મિરર વર્ક (કાચના કામ) થી ઝળહળતી સફેદ મોરથી પ્રેરિત માસ્ટરપીસને ઉજાગર કરે છે.

### વિજય સામે મને કોઈ ઈર્ષ્યા નથી, સ્ટાલિન સાથેની મુલાકાત માત્ર મિત્રતાપૂર્ણ હતી : રજનીકાંત



ચેન્નાઈ તા. ૧૭ (PTI) સુપરસ્ટાર રજનીકાંતે રવિવારે મુખ્યમંત્રી સી. જોસેફ વિજય પ્રત્યે કોઈ ઈર્ષ્યા હોવાનો ઈનકાર કર્યો હતો અને સ્પષ્ટતા કરી હતી કે ડીએમકે પ્રમુખ એમ. કે. સ્ટાલિન સાથેની તેમની તાજેતરની મુલાકાત શુદ્ધ મિત્રતાપૂર્ણ મુલાકાત હતી અને તે કોઈ રાજકીય હેતુથી કરવામાં આવી ન હતી. અહીં તેમના પોઇસ ગાર્ડન સ્થિત નિવાસસ્થાને પત્રકારો સાથે વાતચીત કરતાં અને કેટલાક અહેવાલોનો જવાબ આપતાં આ ટોચના સ્ટારે સ્પષ્ટ કર્યું હતું કે, ભૂતપૂર્વ મુખ્યમંત્રી સ્ટાલિન સાથેની મુલાકાત વિજયની મુખ્યમંત્રી બનવાની આકાંક્ષાઓમાં અવરોધ ઊભો કરવાનો કે રાજકીય પક્ષોનું વિલીનીકરણ કરવાનો પ્રયાસ નહોતો. મુખ્યમંત્રી વિજય પ્રત્યે તેમને કોઈ ઈર્ષ્યા હોવાની વાતને નકારી કાઢતાં તેણે જણાવ્યું હતું કે, તેની અને સીએમ વચ્ચે ૨૫ વર્ષનો પેઢીગત તફાવત છે અને નાની ઉંમરે વિજયની પ્રભાવશાળી સિદ્ધિઓની પ્રશંસા કરી હતી.

# કોંગો, યુગાન્ડામાં ઇબોલા ફાટી નિકળતા WHOએ વૈશ્વિક કટોકટી જાહેર કરી

**બંને** દેશો મળીને ૩૦૦થી વધુ શંકાસ્પદ કેસો અને ૮૮નાં મોત છે

**વર્તમાન** પ્રકોપ 'બુંદીબુગ્યો વાયરસ'ને કારણે ફાટ્યો છે, આ વાયરસ વધુ ઘાતક છે




અબુજા(નાઈજીરિયા), તા. ૧૭(એપી): ૩૦૦થી વધુ શંકાસ્પદ કેસો અને ૮૮ મોતો બાદ, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)ના ડાયરેક્ટર-જનરલ ટેડ્રોસ અધાનમ ઘેબ્રેયસસે રવિવારે કોંગો અને પડોશી દેશ યુગાન્ડામાં ફેલાયેલા ઈબોલા રોગના પ્રકોપને આંતરરાષ્ટ્રીય ચિંતાની જાહેર આરોગ્ય કટોકટી જાહેર કરી છે.

એક્સ (X) પર એક પોસ્ટમાં, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને જણાવ્યું હતું કે આ પ્રકોપ કોવિડ-૧૯ મહામારી જેવી વૈશ્વિક મહામારીની કટોકટીના માપદંડોને પૂર્ણ કરતો નથી, અને આંતરરાષ્ટ્રીય સરહદો બંધ ન કરવાની સલાહ આપી છે. WHO એ જણાવ્યું કે કોંગોની રાજધાની કિન્શાસામાં પણ પ્રયોગશાળામાં પુષ્ટિ થયેલો એક કેસ નોંધાયો છે, જે આ પ્રકોપના મુખ્ય કેન્દ્ર એવા પૂર્વીય પ્રાંત ઇતુરીથી આશરે ૧,૦૦૦ કિલોમીટર (૬૨૦ માઈલ) દૂર છે, જે આ રોગના વધુ વ્યાપક પ્રસાર તરફ સંકેત કરે છે. સંસ્થાએ જણાવ્યું કે આ દર્દીએ ઇતુરીની મુલાકાત લીધી હતી અને કોંગોના સૌથી વધુ વસ્તી ધરાવતા અને ઇતુરીની સરહદને અડતા પ્રાંતોમાંના એક એવા નોર્થ કીવુ પ્રાંતમાં પણ અન્ય શંકાસ્પદ કેસો નોંધાયા છે.

ઇબોલા અત્યંત ચેપી છે અને તે ઉલટી, લોહી અથવા વીર્ય જેવા શારીરિક પ્રવાહીના સંપર્ક દ્વારા ફેલાઈ શકે છે.

તેના કારણે થતો રોગ દુર્લભ છે, પરંતુ ગંભીર અને ઘણીવાર ઘાતક હોય છે. આ ઈબોલાનો એક દુર્લભ, જેની સારવાર કરવી અઘરી છે તેવો વેરિઅન્ટ (પ્રકાર) છે આરોગ્ય સત્તાવાળાઓનું કહેવું છે કે શુક્રવારે પ્રથમ વખત પુષ્ટિ થયેલો વર્તમાન પ્રકોપ 'બુંદીબુગ્યો વાયરસ'ને કારણે થયો છે, જે ઈબોલા રોગનો એક દુર્લભ પ્રકાર છે અને તેની કોઈ માન્ય સારવાર કે રસી ઉપલબ્ધ નથી. કોંગો અને યુગાન્ડામાં ઈબોલાના ૨૦ થી વધુ પ્રકોપ થઈ ચૂક્યા હોવા છતાં, આ માત્ર ત્રીજી વખત છે જ્યારે બુંદીબુગ્યો વાયરસ જોવા મળ્યો છે. WHO ના જણાવ્યા અનુસાર, યુગાન્ડામાં નોંધાયેલા માત્ર બે કેસ સિવાયના તમામ કેસ કોંગોમાં છે.

બુંદીબુગ્યો વાયરસ સૌપ્રથમ ૨૦૦૭-૨૦૦૮ ના પ્રકોપ દરમિયાન યુગાન્ડાના બુંદીબુગ્યો જિલ્લામાં મળી આવ્યો હતો, જેમાં ૧૪૯ લોકો સંક્રમિત થયા હતા અને ૩૭ લોકોના મોત થયા હતા. બીજી વખત તે ૨૦૧૨ માં કોંગોના ઈસિરોમાં ફાટી નીકળેલા પ્રકોપમાં જોવા મળ્યો હતો, જ્યાં ૫૭ કેસ અને ૨૯ મોતો નોંધાયા હતા. WHO એ જણાવ્યું હતું કે પરીક્ષણ કરાયેલા નમૂનાઓમાં પોઝિટિવ કેસોની ઊંચી ટકાવારી, કંપાલા અને યુગાન્ડામાં ફેલાવો અને ઇતુરીમાં જોવા મળેલા મોતના ક્લસ્ટરો (જૂથો) "તમામ બાબતો હાલમાં શોધાઈ રહેલા અને નોંધાઈ રહેલા પ્રકોપ કરતાં સંભવિત રૂપે ઘણો મોટો પ્રકોપ હોવા તરફ ઈશારો કરે છે, જેમાં સ્થાનિક અને પ્રાદેશિક સ્તરે ફેલાવવાનું મોટું જોખમ છે.

### કોંગોમાં પ્રકોપની ઓળખ થાય તે પહેલાં ૫૦નાં મોત થઇ ચુક્યા

કાસેયાએ જણાવ્યું હતું કે ધીમી ઓળખને કારણે પ્રતિક્રિયા આપવામાં વિલંબ થયો અને આ પ્રકોપને ફેલાવવાનો સમય મળી ગયો. આફ્રિકા સીડીસીએ જણાવ્યું હતું કે, ૫ મેના રોજ સોશિયલ મીડિયા દ્વારા આરોગ્ય સત્તાવાળાઓને આ પ્રકોપ વિશે પ્રથમ વખત જાણ કરવામાં આવી ત્યાં સુધીમાં ૫૦ મોતો નોંધાઈ ચૂકી હતી.

# FBI વડા કશ પટેલ ગર્લફ્રેન્ડને સરકારી પ્લેનમાં મ્યુઝિક કન્સર્ટ જોવા લઈ ગયા

**હજારો** ડોલરના ભાડાવાળા હોટલ સ્યુટમાં રોકાયા, સુરક્ષા કર્મીઓ મોડે સુધી તૈનાત રખાયા

**પટેલ** પર અગાઉ પણ આ પ્રકારના આરોપો લાગ્યા છે

વોશિંગ્ટન, તા. ૧૭: અમેરિકાની ફેડરલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (FBI) ના ડાયરેક્ટર ફરી એકવાર વિવાદોના ઘેરામાં આવ્યા છે. ભારતીય મૂળના કાશ પટેલ પર આરોપ છે કે તેમણે પોતાની સત્તાવાર યાત્રાને ગર્લફ્રેન્ડ સાથે લક્ઝરી ટૂરમાં બદલી નાખી. પટેલ પર બ્યુરોના સંસાધનોનો અંગત કામ માટે ઉપયોગ કરવા અંગે સવાલો ઉભા થઈ રહ્યા છે. પટેલ પર પોતાની ગર્લફ્રેન્ડને એક મ્યુઝિક કન્સર્ટમાં લઈ જવા માટે FBIના જેટ પ્લેનનો ઉપયોગ કરવાનો આરોપ છે.

ન્યૂયોર્ક ટાઈમ્સના અહેવાલ મુજબ, 46 વર્ષના કાશ પટેલે 10 મે 2025ના રોજ પોતાની 27 વર્ષની ગર્લફ્રેન્ડ એલેક્સિસ વિલ્કિન્સ સાથે FBI ના ગલ્ફસ્ટ્રીમ વી જેટમાં વોશિંગ્ટનથી ફિલાડેલ્ફિયા સુધી ઉડાન ભરી હતી. પટેલ ત્યાં એક મ્યુઝિક કન્સર્ટમાં ભાગ લેવા ગયા હતા અને તે જ રાત્રે પરત ફર્યા હતા.

અહેવાલ અનુસાર, આ કપલે 35,000 થી 50,000 ડોલરની કિંમતના એક પ્રાઈવેટ સ્યુટમાંથી જોર્જ સ્ટ્રેટ અને ક્રિસ સ્ટેપલટનનું પરફોર્મન્સ જોયું હતું. આ દરમિયાન FBI ફ્લાઈટના ક્રૂ અને સુરક્ષાકર્મીઓ પટેલ અને તેમની ગર્લફ્રેન્ડની રાહમાં રાત્રે 11 વાગ્યા સુધી ફરજ પર તૈનાત રહ્યા હતા. આ સમયગાળા માટે તેઓને ઓવરટાઈમ ચૂકવવામાં આવ્યો હતો.

પટેલે આ આરોપો અંગે ન્યૂયોર્ક ટાઈમ્સના સવાલોના જવાબો આપ્યા નહોતા. આ આરોપો પટેલની યાત્રાઓ અને FBI ના સંસાધનોના ઉપયોગને લઈને વિવાદો વધારનારા છે. તેમની સત્તાવાર યાત્રાઓમાં તેમની ગર્લફ્રેન્ડની હાજરીને લઈને અહેવાલોમાં ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. આના થોડા દિવસો પહેલા જ, પર્લ હાર્બર ખાતે મેમોરિયલ નજીક VIP સ્નોર્કલિંગની સહેલગાહ કરવા બદલ પટેલને ટીકાઓનો સામનો કરવો પડ્યો હતો. આ એ જ સ્થળ છે જ્યાં 1941ના હુમલામાં માર્યા ગયેલા અમેરિકન સૈનિકોને શ્રદ્ધાંજલિ આપવામાં આવે છે. જોકે, સમાચાર એજન્સીના આ અહેવાલમાં કરાયેલા દાવાઓનું FBI ના પ્રવક્તા બેન વિલિયમસને ખંડન કર્યું હતું. તેમણે X (ટ્વિટર) પર લખ્યું હતું કે એપીએ આ યાત્રાને ખોટી રીતે રજૂ કરી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ એક સત્તાવાર યાત્રા હતી.

# વ્હાઈટ હાઉસની સુરક્ષા વધારવાનું બિલ પાસ કરાવવામાં ટ્રમ્પ તંત્ર નિષ્ફળ

**આ** બિલ માટેની દરખાસ્ત પ્રક્રિયાગત નિયમોને પૂર્ણ કરી શકી નહીં

**સુધારીને** નવેસરથી દરખાસ્ત કરાય તેવી વકી

વોશિંગ્ટન, તા. ૧૭(એપી): વ્હાઈટ હાઉસ કેમ્પસ અને પ્રમુખના નવા બોલરૂમ માટે ૧ અબજ અમેરિકી ડોલરના સુરક્ષા વધારાને ભંડોળ પૂરું પાડવાની દરખાસ્ત પ્રક્રિયાગત નિયમોને પૂર્ણ કરવામાં નિષ્ફળ રહી છે, તેમ સેનેટ પાર્લામેન્ટેરિયન(સંસદીય નિયમોના નિષ્ણાત) અનુસાર જણાવવામાં આવ્યું છે.

આગામી ત્રણ વર્ષ માટે ઈમિગ્રેશન અમલીકરણ એજન્સીઓને ભંડોળ પૂરું પાડવાના બિલના ભાગ રૂપે આ દરખાસ્તને સામેલ કરવાની રિપબ્લિકન યોજનાઓ માટે આ એક મોટો ઝટકો છે.

# બાંગ્લાદેશમાં 'ડોનાલ્ડ ટ્રમ્પ' નામની ભેંસ સાથે સેલ્ફી લેવા પડાપડી

**બાંગ્લાદેશમાં** બે ભેંસને લોકો ટ્રમ્પ અને નેતન્યાહુ સાથે સરખાવી તેને જોવા માટે ઉમટી રહ્યા છે



નવી દિલ્હી, તા. 17 : બાંગ્લાદેશમાં જ્યારે ઈદ-ઉલ-અઝહા (બકરીદ)ની તૈયારીઓ ચાલી રહી છે, ત્યારે બે અસાધારણ રીતે પ્રખ્યાત થયેલી ભેંસો આકર્ષણનું કેન્દ્ર બની છે. આવું માત્ર તેમના આકારને કારણે નથી, પરંતુ સ્થાનિક લોકોનું માનવું છે કે, આ બન્ને ભેંસો વૈશ્વિક રાજકીય નેતાઓ ડોનાલ્ડ ટ્રમ્પ અને બેન્જામિન નેતન્યાહુ જેવી દેખાય છે. ઢાકા નજીકના ફાર્મ પર આ પ્રાણીઓ અત્યારે ભીડ, સેલ્ફી અને લોકોની ભારે ઉત્સુકતા આકર્ષિત કરી રહ્યા છે. 'ધ ઈન્ડિપેન્ડન્ટ'ના અહેવાલ મુજબ, 'ડોનાલ્ડ ટ્રમ્પ' ઉપનામ ધરાવતી આ ભેંસનું વજન લગભગ ૭૦૦ કિલોગ્રામ છે. તે તેની આછી ત્વચા અને હળવા રંગના વાળને કારણે લોકપ્રિય થઈ છે, જેના વિશે ઘણા મુલાકાતીઓનું કહેવું છે કે તે તેમને અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિની આગવી હેરસ્ટાઇલની યાદ અપાવે છે. બાંગ્લાદેશી અખબાર 'પ્રથમ આલો' દ્વારા ટાંકવામાં આવેલા એક મુલાકાતીએ મજાક કરતાં કહ્યું હતું કે, આ ભેંસ ભલે ટ્રમ્પ જેવી દેખાતી હોય, પરંતુ તેનો સ્વભાવ ઘણો શાંત અને નમ્ર છે.

ભેંસના માલિક ઝિયાઉદ્દીન મૃધાએ સ્થાનિક પ્રકાશન 'ધ બિઝનેસ સ્ટાન્ડર્ડ'ને જણાવ્યું કે, આ ઉપનામ શરૂઆતમાં તેમના નાના ભાઈએ પ્રાણીનો અસામાન્ય દેખાવ જોયા પછી આપ્યું હતું. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે શ્વેત રંગની ભેંસો સામાન્ય રીતે શાંત હોય છે, જ્યાં સુધી તેમને ઉશ્કેરવામાં ન આવે. અહેવાલો અનુસાર, ઈદની ઉજવણી પહેલાં જ આ પ્રાણી વેચાઈ ગયું છે.

# NEETની અંદરના લોકોની જ પેપર ફોડવામાં સંડોવણી સ્પષ્ટ થતી જાય છે

**સીબીઆઇ** તપાસમાં પ્રાથમિકપણે જણાય છે કે પેપર લીક કરવા માટે એક સુઆયોજીત નેટવર્ક સ્થાપવામાં આવ્યું હતું

મુંબઈ : NEET-UG 2026 પેપર લીકની કથિત ઘટના અંગે CBIની તપાસ એ તરફ ઈશારો કરી રહી છે કે તપાસકર્તાઓને આમાં એક સુનિયોજિત નેટવર્ક હોવાની આશંકા છે.

આ નેટવર્કમાં પરીક્ષા સાથે જોડાયેલા અંદરના લોકો, વચેટિયાઓ અને વિવિધ રાજ્યોના ઉમેદવારો વચ્ચે પેપરનું વિતરણ સામેલ હતું.

કોર્ટમાં રજૂ કરાયેલા દસ્તાવેજો દર્શાવે છે કે આ કથિત લીક તબક્કાવાર રીતે થયું હતું, જેની શરૂઆત પરીક્ષા પ્રણાલીની અંદરથી પેપર મેળવીને થઈ હતી અને ત્યારબાદ તે ધીમે-ધીમે પરીક્ષાર્થીઓના નેટવર્કમાં ફેલાઈ ગયું હતું. આ તપાસના કેન્દ્રમાં એવા વ્યક્તિઓ છે જેઓ કથિત રીતે NEET પેપર સેટિંગ અને મોડરેશન પ્રક્રિયા સાથે જોડાયેલા છે. CBIના જણાવ્યા અનુસાર, પુણેના બોટની(વનસ્પતિશાસ્ત્ર) ના પ્રોફેસર મનીષા માંઢરે વિષય નિષ્ણાત તરીકે પરીક્ષા પ્રક્રિયા સાથે સંકળાયેલા હતા અને કથિત રીતે તેમની પાસે બોટની અને ઝૂઓલોજી(પ્રાણીશાસ્ત્ર)ના ગુપ્ત પ્રશ્ન બેંકની પહોંચ હતી.

કોર્ટની કાર્યવાહી દરમિયાન રસાયણશાસ્ત્રના નિવૃત્ત પ્રોફેસર પી.વી. કુલકર્ણી અને કેમિસ્ટ્રી પેપર સેટિંગ પ્રક્રિયા વચ્ચેના સંબંધો પણ સામે આવ્યા છે.

એવી પણ આશંકા છે કે ૩ મેના રોજ યોજાયેલી પરીક્ષા પહેલા જ, પરીક્ષા પ્રણાલીની અંદરથી પેપરના કેટલાક હિસ્સા અને આન્સર કી મેળવી લેવામાં આવ્યા હતા.

તપાસકર્તાઓનું માનવું છે કે પેપર લીક થવાની શરૂઆત મનીષા માંઢરે અને પુણેના જ અન્ય એક આરોપી મનીષા વાઘમારે વચ્ચેના સંબંધો દ્વારા થઈ હતી, જેઓ એક જ હાઉસિંગ સોસાયટીમાં પાડોશી હતા. સોસાયટીના અન્ય રહેવાસીઓએ જણાવ્યું કે વાઘમારે અવારનવાર માંઢરેના ઘરે જતી હતી.

માંઢરે સામાન્ય રીતે લોકોથી અંતર રાખતી હતી, પરંતુ સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, તે અને અન્ય આરોપીઓ અવારનવાર એકબીજાને મળતા હતા. માંઢરેને ૧૪ દિવસ માટે CBI કસ્ટડીમાં મોકલવામાં આવી છે. પોતાની રજૂઆતમાં CBIએ મહારાષ્ટ્રના આ ત્રણેય મુખ્ય આરોપીઓ વચ્ચેના સંબંધોની પુષ્ટિ કરી છે. CBIના જણાવ્યા અનુસાર, માંઢરેએ કુલકર્ણી અને વાઘમારે સાથે મળીને કામ કર્યું હતું અને પ્રશ્નપત્ર અન્ય એક આરોપી શુભમ ખૈરનારને આપ્યું હતું.